# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-૩,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઈન્સ,સુરત. (ISO 9001:2008 Certified)
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com

જા.નં/મા-૨/૨૦૨૨/ ૨૩૨૪૩

તા.૨૬/૧૨/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, ગ્રાન્ટેડ તેમજ નોન ગ્રાન્ટેડ મા.અને ઉ.મા.શાળાઓ

સુરત.જિ.સુરત.

વિષય:- 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત 'આઈકોનિક ઈવેન્ટ વીક'ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : AKM/૧૦૨૦૨૨/GOI-1/P તા.૧૭.૧૨.૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૬મી જન્મ જયંતિ નિમિત્તે તેમના જીવન સાથે સંબંધિત વિવિધ સ્થળોએ તા.૧૭ થી ૨૩, જાન્યુઆરી, ૨૦૨૩ દરમ્યાન 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત 'આઈકોનિક ઈવેન્ટ વીક'ની ઉજવણી કરવામાં આવનાર છે. આ આઈકોનિક ઈવેન્ટ વીકમાં તા.૧૯.૦૧.૨૦૨૩ના રોજ હરિપુરા, તા.બારડોલી, જિ.સુરત, પોલીસ પરેડ ગ્રાઉન્ડ, સુરત તેમજ સ્વરાજ આશ્રમ, બારડોલી ખાતે વિવિધ કાર્યક્રમો ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના ભાગરૂપે જિલ્લાની તમામ શાળાઓમાં નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવન આધારિત વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવાનું છે.

વકતૃત્વસ્પર્ધા,ચિત્ર સ્પર્ધા અનેરંગોળી સ્પર્ધાનું આયોજન નીચે દર્શાવ્યા મુજબ કરવાનું રહેશે.

| તારીખ | કક્ષા |
|---|---|
| ૨૯.૧૨.૨૦૨૨ | શાળા કક્ષાએ - પોતાની શાળામાં |
| ૩૧.૧૨.૨૦૨૨ | QDC કક્ષાએ - QDC શાળામાં |
| ૦૩.૦૧.૨૦૨૩ | SVS કક્ષાએ - SVS શાળામાં |
| ૦૫.૦૧.૨૦૨૩ | જિલ્લા કક્ષાએ - એલ.પી.સવાણી સ્કૂલ, કેનાલ રોડ, વેસુ, સુરત<br>સ્પર્ધા સમય : સવારે ૧૦:૦૦ કલાકે<br>રિપોર્ટિંગ સમય : સવારે ૦૯:૩૦ કલાકે |

સ્પર્ધા સંદર્ભે નીચે મુજબની બાબતોનું ધ્યાને લેવાની રહેશે.

- ત્રણેય સ્પર્ધાનો વિષય "નેતાજી સુભાષચંદ્ર બોઝનુ જીવન અને કવન"રહેશે.
- આ કાર્યક્રમ માટે SVS કન્વીનરશ્રીઓની નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવામા આવે છે.
- ત્રણેય સ્પર્ધા માટેQDC કક્ષા તેમજ SVS કક્ષાની સ્પર્ધાનું સ્થળQDC કન્વીનરશ્રી તેમજ SVS કન્વીનરશ્રીએ નક્કી કરીને જાણ કરવાની રહેશે.
- વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને રંગોળી સ્પર્ધામાં શાળા કક્ષા, QDC કક્ષા, SVS કક્ષાએથી પ્રથમ વિજેતા વિદ્યાર્થીને આગળની કક્ષાએ મોકલવાના રહેશે. પરંતુ ચિત્ર સ્પર્ધામા SVSકક્ષાએથી પ્રથમ 3 વિજેતા કૃતિને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના મ.શિ.નિ. શ્રી આર.એચ.બર્મનને તા: ૦૪-૦૧-૨૦૨૩ ના રોજ જમા કરાવવાની રહેશે.
- ચિત્ર સ્પર્ધા માટે ચિત્ર A3 સાઈઝની ડ્રોઈંગ શીટમાં બનાવવાના રહેશે.
- ત્રણેય સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થીને જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં માન.કલેક્ટરશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારી